For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ઉમરા પોલીસ સ્ટેશન રોડ જેવા વૃક્ષો શહેરમાં હોત તો ગ્રીનનેટની જરૂર જ નહીં પડતે





(તસવીર : હેમંત ડેરે)

વૃક્ષ એક એવુ નામ છે જે આખી જીંદગી માનવીઓને કંઇને કંઇ આપતું જ રહે છે. આપણે જે શ્વાસ લઇએ છે તે ઓક્સિજન આપવામાં પણ તેનો ખૂબ જ મોટો ફાળો છે. જે રીતે વૃક્ષ તેનો આપવાનો સ્વભાવ બદલતું નથી તેવી જ રીતે માનવી દુનિયામાંથી કંઇને કંઇ લેવાનો સ્વભાવ બદલતો નથી. હાલમાં શહેરના ટ્રાફિક સર્કલો પર ગરમીથી બચવા માટે ગ્રીન નેટ લગાડવામાં આવી રહી છે ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ છે કે, આવી જરૂરિયાત પડી શા માટે? એક ઉદાહરણ જોઇએ તો શહેરના ઉમરા પોલીસ સ્ટેશન પર જે રીતે વૃક્ષો છે તે જોતા ત્યાં કુદરતી છાંયડો જોવા મળે છે. આકરો તાપ સહન કરીને પણ વૃક્ષો માનવીને છાંયાં આપે છે. માનવી તો એ પણ ભૂલી જાય છે કે જે કુહાડીથી તે વૃક્ષ કાપે છે તેમાં પણ જે હાથો હોય છે તે લાકડાનો હોય છે. ટૂંકમાં જો શહેરના રસ્તાઓ પર વૃક્ષો હોય તો ક્યારેય ગ્રીનનેટની જરૂર નહીં પડતે. (તસવીર : હેમંત ડેરે)

# રાજ્યભરની પ્રા. શાળાઓમાં આજથી વાર્ષિક પરીક્ષા શરૂ

**ધો. 3-4** માટે પેપરમાં જ જવાબ, ધો. 5-8 માટે અલગ ઉત્તરવહી

સુરતઃ સુરત સહિત સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા વધારવા માટે શિક્ષણ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ તેમજ ખાનગી પ્રાથમિક શાળાઓમાં આજથી (6 એપ્રિલથી) વાર્ષિક પરીક્ષાનો એકસાથે પ્રારંભ થયો છે.

આ પરીક્ષાઓ 22 એપ્રિલ સુધી રાજ્યભરમાં સમાન સમયપત્રક મુજબ લેવામાં આવશે, જે શિક્ષણ પ્રણાલીમાં એકરૂપતા લાવવાનો પ્રયાસ માનવામાં આવે છે. આ વર્ષે પરીક્ષા પદ્ધતિમાં ખાસ ફેરફારો કરવામાં આવ્યા છે. ધોરણ 3 અને 4ના વિદ્યાર્થીઓ માટે પેપરમાં જ જવાબ લખવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી નાના વિદ્યાર્થીઓ માટે પ્રક્રિયા સરળ બને. જ્યારે ધોરણ 5થી 8ના વિદ્યાર્થીઓ માટે અલગ ઉત્તરવહી આપવામાં આવશે, જે તેમની લેખન ક્ષમતા અને પ્રસ્તુતિનું મૂલ્યાંકન વધુ સચોટ બનાવશે. માર્કિંગ પદ્ધતિમાં પણ તફાવત રાખવામાં આવ્યો છે. ધોરણ 3થી 5 માટે 40 ગુણનું પેપર રહેશે, જ્યારે ધોરણ 6થી 8 માટે 80 ગુણની પરીક્ષા લેવામાં આવશે. ખાસ કરીને ધોરણ 5 અને 8ના વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે કે જો તેઓ નાપાસ થાય, તો તેમને બે મહિનાના વિશેષ અભ્યાસ પછી ફરીથી પરીક્ષા આપવા તક આપવામાં આવશે, જેથી તેઓ એક શૈક્ષણિક વર્ષ ગુમાવવું ન પડે. પેપર સેટિંગમાં રાજ્ય સ્તરે એકરૂપતા

...અનુસંધાન પાના 5 પર

### પરીક્ષાનું સમયપત્રક

**ધોરણ 3 થી 5:**
6 એપ્રિલ - ગુજરાતી (08 થી 10)
7 એપ્રિલ - ગણિત (08 થી 10)
8 એપ્રિલ - પર્યાવરણ (08 થી 10)
9 એપ્રિલ - હિન્દી (08 થી 10)
**ધોરણ 6 થી 8:**
13 એપ્રિલ - ગુજરાતી (08 થી 11)
15 એપ્રિલ - ગણિત (08 થી 11)
17 એપ્રિલ - વિજ્ઞાન (08 થી 11)
20 એપ્રિલ - સામાજિક વિજ્ઞાન (08 થી 11)

# ઉધના સ્ટેશન પર માનવ મહેરામણ ઉમટ્યું

**વેકેશન-**લગ્નસરાના ડબલ ડોઝ વચ્ચે ૧૧,૦૦૦ પ્રવાસીઓ વતન રવાના

સુરતઃદક્ષિણ ગુજરાતમાં ઉનાળાના આકરા તાપની સાથે હવે વેકેશનનો માહોલ બરાબરનો જામ્યો છે. હીરાનગરી સુરતમાં એકબાજુ શાળાઓમાં રજાઓ પડવાવી ની શરૂઆત થઈ ચૂકી છે અને બીજીબાજુ લગ્નસરાની ધૂમ મોસમ શરૂ થઈ છે, જેના કારણે પરપ્રાંતિયોએ પોતાના વતનની વાટ પકડી છે. રવિવાર, ૫ એપ્રિલના રોજ ઉધના રેલ્વે સ્ટેશન પર મુસાફરોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો. ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને મધ્યપ્રદેશ તરફ જતી ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા એક જ દિવસમાં ૧૧,૦૦૦ને પાર કરી ગઈ હતી. જોકે, આ ભીડ વચ્ચે રેલવે તંત્રની લોખંડી અને સુવ્યવસ્થિત વ્યવસ્થાને કારણે કોઈ અંધાધૂંધી સર્જાઈ ન હતી અને મુસાફરો શિસ્તબદ્ધ રીતે પોતાની સફર પર રવાના થયા હતા.મુસાફરોનો અસાધારણ પ્રવાહ વધવાની શક્યતાને ધ્યાને રાખી રેલવે વહીવટીતંત્ર વહેલી સવારથી જ હરકતમાં આવી ગયું હતું. સવારે ૪ વાગ્યાથી જ સ્ટેશન પરિસરમાં સામાન્ય ટિકિટ ધારકો માટે લોખંડી કતારો બનાવવામાં આવી હતી. અનામત ટિકિટ ધરાવતા મુસાફરોને સીધા જ તેમના કોચ સુધી પહોંચાડવા માટે અલગ વ્યવસ્થા કરાઈ હતી. સ્ટેશનના પૂર્વ અને પશ્ચિમ બંને છેડે ઊભા કરવામાં આવેલા ખાસ ‘હોલ્ડિંગ એરિયા’ મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થયા હતા. આ વિસ્તારોમાં પંખા, પીવાનું પાણી, મોબાઈલ ચાર્જિંગ અને સ્વચ્છ વોશરૂમ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ હતી.સુરક્ષાને લઈને રેલવે તંત્ર દ્વારા અભેદ કિલ્લેબંધી કરવામાં આવી હતી. RPF અને GRP ના જવાનો તેમજ કોમર્શિયલ ચેકિંગ સ્ટાફને તૈનાત કરવામાં આવ્યો હતો. વરિષ્ઠ અધિકારીઓ પોતે ઘટનાસ્થળે હાજર રહી સમગ્ર કામગીરીનું મોનિટરિંગ કરી રહ્યા હતા. સમગ્ર પરિસરમાં સીસીટીવી કેમેરા દ્વારા બાજ નજર રાખવામાં આવતી હતી, જેથી કોઈ પણ સુરક્ષા ખામી ન રહે. ।રેલવેના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં આ ધસારો હજુ વધશે, જેના માટે વધુ વધારાની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.



### આટલા મુસાફરો રવાના

| | |
|---|---|
| જયનગર | ૩૫૦૦ |
| અંત્યોદય | ૩૦૦૦ |
| તાપ્તી ગંગા | ૨૨૦૦ |
| હસનપુર સ્પેશિયલ | ૧૬૦૦ |
| બ્રહ્મપુર અમૃત ભારત | ૧૫૦૦ |

# નર્મદા પરિક્રમા દરમિયાન સુરતની વૃદ્ધ મહિલાનું મોત

**સાત** દિવસ પહેલા વાઘોડિયાના રહેવાસીને પણ એટેક આવ્યો હતો

રાજપીપળાઃ સુરતથી પરિક્રમા કરવા આવેલા એક વૃદ્ધ મહિલાનું ચાલુ પરિક્રમાએ મોત નીપજ્યું છે. પ્રાથમિક દ્રષ્ટિએ મહિલાનું મૃત્યુ હૃદયરોગના હુમલા (હાર્ટ એટેક) થયું હોવાની આશંકા સેવાઈ રહી છે. શનિવાર અને રવિવારની રજા હોવાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ નર્મદા પરિક્રમા માટે ઉમટી પડ્યા હતા. જેમાં સુરતના રહેવાસી ૬૨ વર્ષીય સુમનબેન અર્જુનભાઈ પટેલ પણ અન્ય શ્રદ્ધાળુઓ સાથે પરિક્રમા કરી રહ્યા હતા. રવિવારે વહેલી સવારે આશરે ૬:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ તિલકવાડા નદીના ભાઠા તરફ જઈ રહ્યા હતા, ત્યારે અચાનક તેમની તબિયત બગડી હતી અને તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. તેમને તુરંત તિલકવાડાની સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં હાજર ડોક્ટરોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. જોકે, તેમનું મૃત્યુ હાર્ટ એટેકથી જ થયું છે કે કેમ તેની સત્તાવાર તબીબી પુષ્ટિ થવાની હજુ બાકી છે. આ ઘટનાને પગલે અન્ય પરિક્રમાવાસીઓમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

વાઘોડિયા રોડ પર આવેલી અમીધારા સોસાયટીમાં આવેલા લકુલેશ ફ્લેટમાં રહેતા 52 વર્ષીય યજ્ઞેશ શાહ ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ ક્વોલિટી કંટ્રોલ મેનેજર તરીકે નોકરી કરતા હતા. રવિવારે તેઓ કંપનીના મિત્રો સાથે નર્મદા પરિક્રમા કરવા માટે ગયા હતા.

દરમિયાન તિલકવાડાથી આગળ રામપુરા પાસે તેઓને ચક્કર આવતાં ઢળી પડ્યા હતા. જેને કારણે તેમના મિત્રોએ તેમને સીપીઆર પણ આપ્યો હતો. ત્યારબાદ તેઓને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

# ઉનાળાની શરૂઆત સાથે તાપીમાં ફરી વધ્યો જળકુંભીનો ઉપદ્રવ

**સફાઈમાં** બેદરકારીથી પાણીની ગુણવત્તા સામે ખતરો, વોટર વર્ક્સ પર પણ અસરની ભીતિ



સુરત : શહેરની જીવનરેખા સમાન તાપી નદીમાં ઉનાળાની શરૂઆત સાથે જ ફરી જળકુંભી અને લીલની સમસ્યાએ માથું ઉંચક્યું છે. શહેરને પીવાનું પાણી પુરું પાડતો આ એકમાત્ર સ્ત્રોત હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા યોગ્ય સફાઈ ન થતાં નદીમાં જળકુંભીનું પ્રમાણ સતત વધી રહ્યું છે.

વિયરમાં પાલિકાએ ડીવીડર મશીન મૂક્યા હોવા છતાં અસરકારક કામગીરી થતી નથી, જેના કારણે જળાશયમાં જળકુંભીનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું છે. સ્થાનિક સ્તરે અનેક ફરિયાદો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો ઉકેલ લાવવામાં આવ્યો નથી. હાલ જળકુંભી સાથે લીલનું પ્રમાણ પણ વધતા પાણીની ગુણવત્તા પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભૂતકાળમાં જળકુંભી અને લીલના કારણે પાલિકાના વોટર વર્કસ ખોટકાઈ ગયા હતા, જેને દૂર કરવા ખાસ અભિયાન હાથ ધરવું પડ્યું હતું. છતાં હાલ ફરી તે જ સ્થિતિ સર્જાતી દેખાઈ રહી છે.

ઉપરાંત, કેટલાક વિસ્તારોમાંથી તબેલાનું ગંદુ પાણી સીધું નદીમાં મળતું હોવાને કારણે સમસ્યા વધુ ગંભીર બની રહી છે. ચૂંટણી પહેલા તાપી સાથે સંકળાયેલા નામ પરિવર્તન કર્યા છતાં નદીની સફાઈ પ્રત્યે તંત્રની ઉદાસીનતા સામે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. જો તાત્કાલિક પગલાં નહીં લેવામાં આવે તો આવનારા દિવસોમાં રો વોટરની ગુણવત્તામાં ઘટાડો થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. સ્થાનિકોએ તાત્કાલિક જળકુંભી દૂર કરી નદીની સફાઈ કરવાની માંગ ઉઠાવી છે.

# આજથી ઉમેદવારી ફોર્મ વિતરણ-જમા પ્રક્રિયા શરૂ

**૧૧ એપ્રિલ** સુધી ઉમેદવારી દાખલ કરવાની મુદત

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈને સત્તાવાર પ્રક્રિયાનો આજે સોમવારથી પ્રારંભ થઈ રહ્યો છે. જાહેરનામું પ્રસિદ્ધ થતાં જ મહાનગર પાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત માટે ઉમેદવારી ફોર્મનું વિતરણ તેમજ જમા કરવાની પ્રક્રિયા એકસાથે શરૂ કરવામાં આવશે.

ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો માટે સવારે ૧૦.૩૦ વાગ્યાથી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી મદદનીશ ચૂંટણી અધિકારીઓની કચેરીઓ ખાતે ફોર્મ ઉપલબ્ધ રહેશે. ખાસ વાત એ છે કે ફોર્મ મેળવવાની સાથે જ તે જ સમયગાળામાં ભરીને પરત પણ કરી શકાશે, જેના કારણે ચૂંટણી પ્રક્રિયામાં ઝડપ આવશે. જિલ્લાભરમાં કુલ ૪૫ સ્થળોએ ફોર્મની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં મહાનગર પાલિકા માટે ૧૦, નગરપાલિકા માટે ૪,

...અનુસંધાન પાના 5 પર

### રોકડ અને પ્રલોભન સામે ચૂંટણી તંત્ર સખત

જાહેરનામું પ્રસિદ્ધ થતા જ ચૂંટણીતંત્ર પણ સક્રિય બની ગયું છે. મતદારોને પ્રલોભન આપવાના પ્રયાસોને રોકવા માટે રોકડ અને કિંમતી વસ્તુઓની હેરાફેરી પર કડક નજર રાખવામાં આવશે. સોમવારથી જ વાહન ચેકિંગ માટે ખાસ ટીમો મેદાનમાં ઉતારવામાં આવશે. આ ટીમો ૨૫ એપ્રિલ સુધી સમગ્ર સુરત જિલ્લામાં સઘન ચેકિંગ અભિયાન ચલાવી રોકડની અવરજવર તથા શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખશે, જેથી ચૂંટણી નિષ્પક્ષ અને પારદર્શક રીતે પૂર્ણ થઈ શકે.

# ગોડાદરા પોલીસ સ્ટેશનમાં ‘આપ’ના ઉમેદવાર શ્રવણ જોશી બેભાન

**ભાજપના** કોર્પોરેટરની બદનક્ષીની ફરિયાદ મામલે પૂછપરછ ચાલી રહી હતી

**નજીકની** હોસ્પિટલમાં ખસેડાયા, પોલીસમથકે મોટી સંખ્યામાં આપના કાર્યકરો ઉમટી પડ્યા

સુરતઃ સુરતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. ગોડાદરા પોલીસ સ્ટેશન ખાતે રવિવારે આમ આદમી પાર્ટીના વોર્ડ નંબર ૨૬ના મજબૂત દાવેદાર શ્રવણ કુમાર જોશીની પૂછપરછ ચાલી રહી હતી, તે દરમિયાન તેઓ અચાનક બેભાન થઈને ઢળી પડતા દોડધામ મચી ગઈ

...અનુસંધાન પાના 5 પર

### પૂછપરછ નિયમ મુજબ, તબિયત લથડવાનું કારણ શારીરિક હોઈ શકે: પોલીસ

બીજી તરફ, પોલીસ સૂત્રોનું કહેવું છે કે પૂછપરછ નિયમ મુજબ જ કરવામાં આવી રહી હતી અને તબિયત લથડવાનું કારણ શારીરિક હોઈ શકે છે. ભાજપના કોર્પોરેટર અમિતસિંહ રાજપૂતે આ મામલે મૌન સેવ્યું છે, પરંતુ અગાઉ તેમણે કહ્યું હતું કે સોશિયલ મીડિયા અને જાહેર પ્લેટફોર્મ પર ખોટી રીતે બદનામ કરવા બદલ તેમણે કાયદેસરની કાર્યવાહી

...અનુસંધાન પાના 5 પર

# સગર્ભા પત્નીની સંભાળ માટે રાખેલી કામવાળી ચોર નીકળી

સુરતઃ પરવટગામ સ્થિત શિવમ હાઈટ્સમાં રહેતા અને રિંગ રોડ કાપડ માર્કેટના સાડીના વેપારીની પત્ની સગર્ભા હોવાથી તેમણે મદદ માટે રાખેલી કામવાળીએ જ ઘરમાંથી દોઢ લાખની મતતા ચોરી લીધી હતી. જો કે, પોલીસે તેની ધરપકડ કરી લીધી છે. પરવટગામના શિવમ હાઈટ્સમાં રહેતા અક્ષયભાઈ નટવરલાલ અગ્રવાલ (ઉ.વ. ૨૯), જેઓ રિંગ રોડ સિલ્ક સિટી માર્કેટમાં ‘જગદમ્બા ક્રિએશન’ નામે દુકાન ધરાવે છે, તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા. 21/03/2026 ના રોજ તેઓ પત્ની બબીતાબેન સાથે એક પ્રસંગમાં ગયા હતા. ત્યાંથી પરત આવ્યા બાદ તેમના પત્નીએ ઘરેણા તથા ઘરમાં બચત પેટે રાખેલા

...અનુસંધાન પાના 5 પર


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



॥ ચોથી પુણ્યતિથિએ અનાવિલ શ્રધ્ધાંજલિ ॥

तस्वीर में नजर आने वाला सख्श, अब धरमें नजर नही आता...
इंसान तो चला जाता हे जिदंगी से, बस जहन से कभी नही जाता...

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।
તસ્માદપરિહાર્યેડર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥ ૨-૨૭ ॥

જેણે જન્મ લીધો છે, તેનું મરણ નિશ્ચિત છે
અને જે મૃત્યુ પામે છે, તેનો પુનર્જન્મ પણ અનિવાર્ય છે.
તેથી, જે અનિવાર્ય છે તે અંગે તારે શોક ન કરવો જોઈએ.



સ્વ.ઓજસ રાજેન્દ્રકુમાર દેસાઈ (ગામ : દેલાડવા)
જન્મ તા. ૧૪.૦૧.૧૯૯૨
સ્વ.તા.૦૬.૦૪.૨૦૨૨

લિ. રાજેન્દ્રકુમાર ડાહ્યાભાઈ દેસાઈ(પિતા)
અ.સૌ.જયનાબેન રાજેન્દ્રકુમાર દેસાઈ(માતા)
ચિ.તેજસ રાજેન્દ્રકુમાર દેસાઈ(ભાઈ)
નિવાસ સ્થાન : ૨૬, હરીઓમ નગર, અડાજણ, સુરત



આઠમી પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન

“મરણ કરતા સ્મરણ બળવાન છે.
આપની સ્મૃતિ એક વરદાન છે.”
પોતાનું જીવન જીવી ગયા, પણ ઘરનાં સર્વે માટે કેમ
જીવવુ એ જીવનમંત્ર મુકી ગયા,
કર્મ તમે કર્યા ફળ અમોને મળ્યા,
સંઘર્ષ તમોએ કર્યા, સુખ અમોને મળ્યા,
ભકિત તમે કરી, પુણ્યો અમોને મળ્યા “આપવુ” એજ
આપનો જીવન મંત્ર હતો, પણ આપી ગયા ઘણું સૌને,
આપના આશિર્વાદથી અમો સમૃધ્ધ થયા,
તમારૂ સ્મરણ સતત યાદ સતાવે છે.
પરમકૃપાળુ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનાં ચરણોમાં
અમો હિરપરા પરિવાર વતી પ્રાર્થના.
પ્રભુ આપના ચરણનું સુખ સદા આપે એજ.



અ.નિ.બાબુભાઈ વાલજીભાઈ હિરપરા
(ઉ. વર્ષ : ૭૨)
ગામ : ઇંગોરાળા (જાગાણી)
અ.નિ.તા.૦૬/૦૪/૨૦૧૮

લિ. આપનો પરિવાર

નરેન્દ્રભાઈ બાબુભાઈ હિરપરા — રીટાબેન નરેન્દ્રભાઈ હિરપરા
ઘનશ્યામભાઈ વાલજીભાઈ હિરપરા — લાભુબેન ઘનશ્યામભાઈ હિરપરા
ભવાનભાઈ વાલજીભાઈ હિરપરા — રસીલાબેન ભવાનભાઈ હિરપરા
રમેશભાઈ ઘનશ્યામભાઈ હિરપરા — ગીતાબેન રમેશભાઈ હિરપરા
કનુભાઈ ઘનશ્યામભાઈ હિરપરા — ભાનુબેન કનુભાઈ હિરપરા
જગદીશભાઈ ભવાનભાઈ હિરપરા — અસ્મીતાબેન જગદીશભાઈ હિરપરા
કૌશિકભાઈ કનુભાઈ હિરપરા — ભુમિકાબેન કૌશિકભાઈ હિરપરા
પિયુષભાઈ કનુભાઈ હિરપરા — પલકબેન પિયુષભાઈ હિરપરા
મિતુલભાઈ રમેશભાઈ હિરપરા — ક્રિષ્નાબેન મિતુલભાઈ હિરપરા
દિવ્યાંગભાઈ નરેન્દ્રભાઈ હિરપરા — નિધિબેન દિવ્યાંગભાઈ હિરપરા
દર્શક નરેન્દ્રભાઈ હિરપરા — ઝીયાન જગદીશભાઈ હિરપરા
હિરલ મહેકકુમાર ચોથાણી — જાનવી જગદીશભાઈ હિરપરા
પ્રાંશ કૌશિકભાઈ હિરપરા — ઝાંચરા જગદીશભાઈ હિરપરા
કૈલાશબેન હસમુખભાઈ ખુંટ (પુત્રી) — અલ્પાબેન હરેશભાઈ ઝાલાવાડીયા (પુત્રી)
હર્ષાબેન નિતિનભાઈ કાનાણી (પુત્રી)



પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ હૃદયાંજંલી



સ્વ.સુરેશભાઈ(KALI)જયંતિભાઈ આહિર
સ્વ.તા.૦૬/૦૪/૨૦૨૧, મંગળવાર

સારા કર્મોની સુગંધ સદાય રહેશે,
દેહ ભલે અદ્રશ્ય થયો પણ આપની મધુરી યાદ અમારી સાથે રહેશે.
તમારા વિના જીવનની હર ખુશી અધુરી લાગે છે.
અમારા નામ અને માનમા, અમારી નસ નસના લોહીમાં,
નૈતિક હિંમતમાં આપ આજે પણ છો અને સદાય રહેશો.
આપની ખોટ કદી પણ પુરાશે નહીં.
પરમકૃપાળુ પરમાત્મા આપના પરોપકારી દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રભુ ને પ્રાર્થના
ૐ શાંતિ... ૐ શાંતિ...ૐ શાંતિ...

લિ.
સ્વ. જયંતિભાઈ બાલુભાઈ આહિર (પિતાશ્રી) । અ.સૌ.સ્વ.લક્ષ્મીબેન જયંતિભાઈ આહિર (માતાશ્રી)
પ્રજિતભાઈ સુરેશભાઈ આહિર (પુત્ર) । નીનાદભાઈ સુરેશભાઈ આહિર (પુત્ર)
ગં.સ્વ.કિરણબેન સુરેશભાઈ આહિર (પત્નિ)

નવિનભાઈ (લાલો) જયંતિભાઈ આહિર (ભાઈ) — પ્રવિણભાઈ વલ્લભભાઈ આહિર (ભાઈ)
ભકિતબેન નવિનભાઈ આહિર — જાગૃતિબેન પ્રવિણભાઈ આહિર
જશરાજ નવિનભાઈ આહિર (ભત્રીજા) — હિનલબેન પ્રવિણભાઈ આહિર (ભત્રીજી)
વલ્લભભાઈ બાલુભાઈ આહિર (કાકાશ્રી) — દર્શ પ્રવિણભાઈ આહિર (ભત્રીજા)
અ.સૌ.સ્વ. જમનાબેન વલ્લભભાઈ આહિર (કાકીશ્રી) — નિલેશભાઈ વલ્લભભાઈ આહિર (ભાઈ)
યથાર્થ નિલેશભાઈ આહિર (ભત્રીજા) — દિપિકાબેન નિલેશભાઈ આહિર

સહ પરિવારજનોના ‘જયશ્રી કૃષ્ણ’

‘શિવસદન’ બંગલો, શ્રી ઈચ્છાનાથ મહાદેવ મંદિરની પાછળ,
SVNIT કોલેજની સામે, સુરત-ડુમસ રોડ, ઉમરા, સુરત-૭